જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૩/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૨૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૨૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૩૨૪/૨૦૨૬**

નવરંગપુરાઃ રમેશભાઇ સ/ઓ હરગોવિંદદાસ પટેલ (ઉ.વ.૪૯)(રહે.વિભાગ–૦૨, ઉમીયા ફ્લેટ, કંકેશ્વરી સોસાયટીની અંદર, સરદાર ચોક, નરોડા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૬ બપોરના ૩/૩૫ વાગ્યાના સુમારે સુવર્ણકલા કોમ્પ્લેક્ષ ખાતેથી પોતાની એક્ટીવા નંબર જીજે.૦૧.એલ.એફ.૦૩૮૯ ની ડેકીમા કાપડની થેલીમા આંગડિયા પેઢીના રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– મુકી, નવરંગપુરા સ્ટેડીયમ પાંચ રસ્તા ખાતે આવેલ ટ્રેડ સેન્ટર બીલ્ડીંગના પાર્કીંગમા આવી એક્ટીવા પાર્ક કરેલ હતુ. દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી રમેશભાઇ પટેલને સરનામુ પુછવાના બહાને ધ્યાન ભટકાવી તેમની નજર ચુકવી એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એ.પટેલ ચલાવે છે.

ડુબી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૨૫/૨૦૨૬**

રીવરફ્રન્ટ ઈસ્ટઃ (૧) સાહીલ દિલીપભાઈ કોરી (ઉ.વ.૨૧) (૨) દુર્ગેશભાઈ ઠાકુરદિન કોરી (ઉ.વ.૨૧) (બંને રહે.સંતોષીનગરના છાપરા ભૈયાજીની ચાલી સરદારગ્રામ રેલ્વેસ્ટેશન સામે કુબેરનગર) તથા (૩) સની અજયકુમાર યાદવ (ઉ.વ.૨૮) (રહે.સંતોષીનગર ભાગ્યોદય સોસાયટી પાછળ નરોડા) નાઓ તા.૦૪/૦૩/૨૦૨૬ બપોરના ૩/૦૫ વાગ્યા પહેલા નાના ચિલોડા નંદિગ્રામ નજીક નદીના પાણીમાં નાહવા પડેલ અને પાણીમા ડુબી જતા ત્રણેયનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રણજીતસિંહ જેશીંગસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૨૬/૨૦૨૬**

રામોલઃ પાર્થ સુશીલભાઇ ભોસલે (ઉ.વ.૨૨)(રહે.સાનિધ્યપાર્ક વિનાયક પાર્કની બાજુમાં, માધવ હોમ્સ સામે, આર.ટી.ઓ રોડ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૩/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે જમણા પગની સાથળના ભાગે ચપ્પુ મારતા સાથળના ભાગેથી લોહી નિકળવા લાગતા સારવાર અર્થે તેમને એલ.જી હોસ્પીટલ ખાતે લઈ જતા રાતના ૯/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ પાર્થને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી